# એસ. જી. સ્કૂલમાં ટાઈલ્સ પેઈન્ટિંગની પ્રવૃતિ યોજાઈ



એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ-પથી ૮ના વિદ્યાર્થીઓ માટે ટાઈલ્સ પેઈન્ટિંગની પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ટાઈલ્સ પર મનગમતાં ચિત્રો દોરીને તે ચિત્રોને રંગોથી સજાવ્યાં હતાં.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શાળાઓના

# સ્ટાફ માટે સીપીઆર તાલીમ યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર કૅમ્પસમાં ચાલતી ત્રણ પ્રાથમિક શાળાઓ, બાલમંદિર તથા ક્રિએટીવ ઝોનના સ્ટાફ મિત્રો માટે ડૉક્ટર્સ સ્કૂલ દ્વારા સીપીઆર ટ્રેનિંગનું આયોજન મંડળ પરિસરમાં સ્થિત ખીમજી વિસરામ હૉલમાં કરવામાં આવ્યું હતું.

ડૉક્ટર્સ ટીમ દ્વારા શાળામાં અભ્યાસ કરતાં બાળકોના આરોગ્યની શિક્ષણ સાથે શું સુસંગતતા છે તેની ચર્ચા કરી કેટલીક તાત્કાલિક શારીરિક તકલીફમાં દર્દીને આપણે કેવી પ્રકારની સારવાર આપીને તેને બચાવી શકીએ છીએ તેનું સુંદર માર્ગદર્શન અને નિદર્શન આપવામાં આવ્યું હતું. આ ટીમમાં નિષ્ણાત તરીકે ડૉ. આતિષ, ડૉ. અનિલ ચૌહાણ અને સંસ્થાનાં સંયોજક ઉમંગ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## જન્મદિને વધામણી



દિનેશભાઈ કેશવલાલ ચૌહાણ
મો. ૯૪૨૭૦ ૧૦૫૫૫



રૂદ્ર તેજસ ગાંધી



પિયુષ વાલજીભાઈ ઠાકોર
૯૮૨૪૬ ૪૯૧૬૦

## ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા ખાતે

# ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’ કાર્યક્રમ યોજાયો





શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ અને ગૂજરાત વિદ્યાપીઠના શતાબ્દી વર્ષના નિમિત્તે એક ભારત અને શ્રેષ્ઠ ભારત કાર્યક્રમની શરૂઆત ડો. મોતીભાઈ દેવુના સરસ વ્યાખ્યાન દ્વારા કરવામાં આવી હતી. શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા છત્તીસગઢ રાજ્ય સાથે ગુજરાત રાજયના સ્વયમ સેવકો એક બીજાની સંસ્કૃતિ, રહેણી-કરણી, ઈતિહાસ અને અન્ય વિશેષતાઓ જાણે અને સમજે તે ઉદ્દેશથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભવિષ્યમાં વિદ્યાર્થીઓએ સોશિયલ મીડિયા અને અન્ય ટેકનોલોજીના માધ્યમથી પણ એક બીજાના નજીક આવી એક બીજાની સંસ્કૃતિ અને વિશેષતાઓને માન અને પ્રાધાન્ય આપે તેને સમજે અને દેશમાં એકતાની ભાવનાને મજબૂત બનાવે તેને ધ્યાનમાં રાખી અન્ય કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવશે. આ કાર્યક્રમના આયોજનમાં સંસ્થાના ડીન ડો. પ્રભુલાલ કાસુન્દ્રાની વિશેષ પ્રેરણા રહી હતી, મુખ્ય સહાયક તરીકેની ભૂમિકા કરણ રાઠોડ અને અધ્યાપક ડો. વિજયભાઈ મકવાણાની રહી હતી કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું.



એસએસવી કૅમ્પના પ્રિ-પ્રાઈમરી વિભાગનાં બાળકો માટે ઈન્દ્રોડા પાર્ક ખાતે પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોએ આ પ્રવાસ દરમિયાન જ્ઞાન સાથે ગમ્મતની અને પ્રકૃતિના ખોળે રમતો રમીને આનંદ પ્રાપ્ત કરવાનો અવસર મેળવ્યો હતો.



ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી, ગાંધીનગર જિલ્લા શાખા અને દિવ્ય ભાસ્કર સમૂહના સંયુક્ત ઉપક્રમે સ્ટાફ ટ્રેનિંગ કૉલેજ, સૅક્ટર-૧૭ ખાતે કલોલ બ્લડ બૅન્કના સહયોગથી રક્તદાન કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્લડ બૅન્કના દિલીપભાઈ દવે અને તેમની ટીમ દ્વારા રક્ત એકત્ર કરાયું હતું. આ પ્રસંગે જે એન પરીખ, હિતેશ રાવલ, નિલેન્દુ વોરા, કૌશિકભાઈ ભટ્ટ, અશ્વિન દવે, જી કે પટેલ, એમ એમ સોલંકી, ભૂપેન્દ્ર મહેતા ઉપસ્થિત રહ્યા હતા. દિલીપભાઈ દવે દ્વારા રક્તદાતાઓને ભેટ અને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પ્રસંગે રક્તદાન જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ઈનોવેશન અને આઈડિયા દેશના વિકાસમાં મહત્વનો ભાગ ભજવી શકે







ગાંધીનગર, તા. ૧

નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન દર વર્ષે ડૉક્ટર અબ્દુલ કલામની સ્મૃતિમાં બાળકોને તેમના ઈનોવેશન માટે એવોર્ડ આપે છે. શનિવારે ગાંધીનગરના અમરાપુરમાં આવેલ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન ખાતે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની ઉપસ્થિતીમાં એવોર્ડ સમારંભ યોજાઈ ગયો, જેમાં દેશના જુદા-જુદા રાજ્યોના ૫૪૪ જિલ્લામાંથી આવેલા ૬૦ હજાર નામાંકનમાંથી ૨૧ બાળકોને પસંદ કરીને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના હસ્તે તેમને એવોર્ડ આપવામાં આવ્યા હતા. ૧૨મા ધોરણ સુધીના બાળકોને પોતાની સર્જનાત્મકતા અને મૌલિકતા માટે આ એવૉર્ડ આપવામા આવે છે. પ્રણવ મુખર્જીએ સામાજિક અને વ્યાવસાયીક ક્ષેત્રો રોજિંદા જીવનની સમસ્યાઓને હલ કરીને તેને કેવી રીતે સરળ બનાવી શકાય તેવા એવૉર્ડ વિજેતા ૨૧ વિદ્યાર્થીઓના પ્રોજેકટનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. આ પ્રસંગે એવૉર્ડ વિજેતા બાળકોને અભિનંદન આપતાં તેમણે જણાવ્યું હતું કે “દેશના વિકાસમાં અને અર્થતંત્રમાં નવા ઈનોવેશન અને આઈડિયા મહત્વનો ભાગ ભજવી શકે છે. વિદ્યાર્થી જીવન સાહસથી ભરપૂર છે ત્યારે આવા નવા સંશોધન અને નવા વિચારોને અમલમાં લાવીને દેશની સાથે સાથે લોકોને પણ મદદમાં આવી શકે અને લોકોને તેનો લાભ મળી શકે છે.” આ કાર્યક્રમમાં રાજયપાલ આચાર્ય દેવવ્રત સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# તમે દુનિયામાં પ્રેમ વહેંચશો તો તમને પણ પ્રેમ જ મળશે








## સ્ત્રીઓને સમાજમાં આગળ લાવવાની વાતો કરવા કરતાં ખરેખર તેમને આગળ આપવાની તક આપવી એ વધુ જરૂરી છે

પ્રસંગસર
કુંતલ નિમાવત
knn786@gmail.com



તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલી વીપીઆર મિસ અને મિસિસ ઈન્ડિયા કૉમ્પિટિશનમાં ગાંધીનગરનાં રહેવાસી બબીતા સિંહ મિસિસ ઈન્ડિયા ક્લાસિક-૨૦૨૦ ટાઈટલ જીત્યાં છે.

દેશભરમાંથી ૧ હજાર કરતાંય વધારે ઍન્ટ્રીમાંથી પસંદગી પામેલા ૭૦ સ્પર્ધકોમાંથી વીપીઆર મિસ અને મિસિસ ઈન્ડિયાની પસંદગી કરવામાં આવી હતી. ટૉપ ફાઈનલિસ્ટમાં ૬ માનુનીઓનાં નામ હતાં, જે પૈકી બબીતાએ આ ખિતાબ પોતાને નામે કર્યો હતો.

બબીતા સિંહ મૂળ મણિપુર (ઈમ્ફાલ)નાં વતની છે. તેમના પતિ ઍલ સી સિંહ ઍરફોર્સમાં ફરજરત છે. દીકરી મુંબઈ અભ્યાસ કરે છે અને દીકરો ગાંધીનગરમાં.

વ્યવસાયે બ્યુટિશિયન બબીતાએ જણાવ્યું હતું કે ‘સોશિયલ મીડિયાના માધ્યમથી આ સ્પર્ધાની જાણ મને થઈ હતી. ઑગષ્ટ માસમાં ઑડિશન થયાં હતાં, જેમાં મારી પસંદગી થઈ હતી. સ્પર્ધામાં ખાસ વાત એ હતી કે તેમાં આપવામાં આવેલાં બધાં ટાસ્ક ઑનલાઈન હતાં. દિવાળીમાં ઘરની સજાવટ, સમાજ માટે સ્ત્રીનું યોગદાન જેવા વિષયો આ માટે નિયત કરાયા હતા. સ્પર્ધામાં ટક્કર લઈ શકાય એ માટે ગાંધીનગરના જ કરાટે કોચ નિશાંત ભાવસાર પાસેથી કરાટેની, પરિમલસિંહ પાસેથી ગરબા અને અભિરાજસિંહ ઝાલા (મૉંગી) પાસેથી વેસ્ટર્ન ડાન્સની તાલીમ પણ મેં પ્રાપ્ત કરી હતી.’

સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડ ૧૪થી ૧૬ નવેમ્બર દરમિયાન અમદાવાદ ખાતે યોજવામાં આવ્યા હતા, જેમાં ફોટો શૂટ, મીડિયા ઍડ્રેસ, ડિઝાઈનવૅર, કૅટવૉક જેવા વિવિધ રાઉન્ડમાંથી પસાર થવાનું હતું. પોતાના પરિચયમાં મેં મારી શક્તિને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી અને જણાવ્યું હતું કે ‘દુનિયામાં પ્રેમ વહેંચશો તો પ્રેમ જ મળશે.’ મારી આ વાતને સ્પર્ધામાં ઘણી જ પ્રશસ્તિ મળી હતી.’

ટક્કરના સ્પર્ધકો જોઈને સ્પર્ધાની શરૂઆતમાં પોતાને થોડી નર્વસનેસ થઈ હતી એવું સ્વીકારતાં બબીતા એ બાબતનો પણ સ્વીકાર કરે છે કે પરિવારજનોના સક્રિય વલણથી પોતાનામાં હિંમત આવી હતી અને એ જ કારણે પોતે આગળ વધી શક્યાં હતાં. ફાઈનલ રાઉન્ડમાં અચાનક પતિની હાજરી જોઈને સ્પર્ધા જીતવાની ઈચ્છા પ્રબળ બની ગઈ હતી.

પ્રશ્નોત્તરી રાઉન્ડમાં તેમને પૂછવામાં આવ્યું હતું કે તમે સૌથી વધુ પ્રેમ કોને કરો છો? બબીતાએ જવાબ આપ્યો હતો, ‘મારા પિતાને. જે ગરીબીમાં ઉછર્યા પણ ઈમાનદારી અને મહેનતથી પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે નામ કમાયા અને તેમણે પરિવાર તથા વ્યવસાયને પણ સરસ રીતે ન્યાય આપ્યો.’ સ્પર્ધાના કોશ્ચ્યુમ રાઉન્ડમાં તેમણે મણિપુરી પહેરવેશ ધારણ કર્યો હતો અને સૌને પ્રભાવિત કરી દીધાં હતાં.

વિજેતા તરીકે તેમના નામની જાહેરાત થઈ ત્યારે અત્યંત ભાવુક બની ગયાં હતાં.

‘મિસિસ અર્થ’ સામે પોતાની કલા પ્રસ્તુત કરવા મળી એ બાબતને બબીતા પોતાનું સૌભાગ્ય સમજે છે અને પોતાને મિસિસ ઈન્ડિયા ખિતાબ મળવાથી નવો જ ઉત્સાહ અને ઍનર્જી પ્રાપ્ત થઈ છે એવું તે સ્વીકારે છે.

બબીતાને નવા મિત્રો બનાવવાનું ગમે છે અને હવે તે સમાજસેવાના ક્ષેત્રમાં આગળ વધવા માગે છે.

બબીતાના પતિ ઍલ સી સિંગે પત્નીને પોતાનું ગૌરવ ગણાવતાં જણાવ્યું હતું કે ‘અમે સૌ પરિવારજનો બબીતાની આ સિદ્ધિથી ગૌરવ અનુભવીએ છીએ. સ્ત્રીઓને સમાજમાં આગળ લાવવાની વાતો કરવા કરતાં ખરેખર તેમને આગળ આપવાની તક આપવી એ વધુ જરૂરી છે.’